# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૧૨/૦૬/૨૦૧૭ થી તા.૧૮/૦૬/૨૦૧૭

## પ્રેસનોટ

**“ રૂ.૫૦૦ તથા રૂ.૧૦૦૦ ના દરની કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- સાથે સનાથલ સર્કલથી બે ઇસમોની ધરપકડ કરતી એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય”**

ભારત સરકાર દ્વારા સને.૨૦૧૬ ના વર્ષમાં જુની રૂ.૫૦૦/- તથા રૂ.૧૦૦૦/- રૂપીયાની ચલણી નોટો ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ અને તેની જગ્યાએ સરકારશ્રી દ્વારા રૂ.૫૦૦/- તથા રૂ.૨૦૦૦/- નવી ચલણી નોટો બહાર પાડવામાં આવેલ અને આ જુની ચલણી નોટો બેંકોમાં જમા કરાવવા સરકાર શ્રી દ્વારા સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ અને તે સમય મર્યાદા પુર્ણ થઇ ગયેલ હોય તેમ છતાં રોજ બરોજ પ્રતિબંધિત ચલણી નોટો તથા નવી ફેક કરન્સી નોટોની બજારમાં હેરાફેરી થઇ રહેલ છે જેના હિસાબે ભારત દેશના અર્થતંત્ર ઉપર તેની માઠી અસર થાય છે અને તાજેતરમાં અમરેલી, રાજકોટ, ભાવનગર ખાતે જુની તથા નવી ફેક કરન્સી મોટા પ્રમાણમાં પકડાયેલ છે જેથી જીલ્લા પોલીસ અધિ.શ્રી આર.વી.અસારી સાહેબ અમદાવાદ ગ્રામ્ય નાઓએ એસ.ઓ.જી. પો.સબ.ઇન્સ. શ્રી વી.એમ.કોલાદરા નાઓને આ બાબતે કામગીરી કરવા તથા વોચ તપાસમાં રહેવા સુચના તથા માર્ગદર્શન આપેલ જેઓની સીધી દેખરેખ હેઠળ એસ.ઓ.જી. શાખા અમદાવાદ ગ્રામ્ય દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૭ ના રોજ એસ.ઓ.જી. કામગીરી દરમ્યાન મળેલ આધારભુત ખાનગી માહિતી આધારે સનાથલ સર્કલ પાસે વોચ તપાસમાં હતાં તે દરમ્યાન એક હોન્ડા અમેઝ ગાડીમાંથી બે માણસો હાથમાં ખાખી પુંઠાના બોક્ષ સાથે નીચે ઉતરેલ જેથી તેઓ ઉપર શક વહેમ જતાં તેઓને કોર્ડન કરી પકડવા જતાં અમેઝ કાર ભાગી ગયેલ અને બે ઇસમો ને પકડી પાડેલ જે (૧) શાંતીભાઇ ભાનુભાઇ ચુડાસમા રહે. ૧૧૦, ધર્મભુમી સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા અમદાવાદ તથા (૨) હબીબભાઇ અબ્રાહિમભાઇ સમા રહે. ૩, રાહિલપાર્ક કેનાલ પહેલા ફતેહવાડી અમદાવાદ મુળ રહે. શાહપુર તા.વિરમગામ જી.અમદાવાદ વાળા પાસે રહેલ ખાખી પુંઠાના બોક્ષમાં તપાસ કરતાં સરકાર શ્રી દ્વારા બંધ કરવામાં આવેલ જુની કરન્સી ૫૦૦ તથા ૧૦૦૦ ના દરની જુની ચલણી નોટો મળી આવેલ જે બાબતે પુછપરછ કરતાં કોઇ સંતોષકારક જવાબ આપતો ન હોય જે જુની કરન્સી બહાર કાઢી ગણી જોતાં ૫૦૦ ના દરના બંડલ કુલ – ૬૨ જે એક બંડલમાં ૧૦૦ નોટો લેખે કુલ ૬૨૦૦ નોટો મળી આવેલ જે કુલ રૂ.૩૧,૦૦,૦૦૦/- તેમજ ૫૦૦/- ના દરની છુટી ૬૮ નોટો મળી કુલ રૂ. ૩૪૦૦૦/- જે ૫૦૦/- ના દરની કુલ નોટો ૬૨૬૮ જેની કુલ કિ. રૂ. ૩૧,૩૪,૦૦૦/- તથા ૧૦૦૦ ના દરના બંડલ કુલ – ૧૮ જે એક બંડલમાં ૧૦૦ નોટો લેખે કુલ ૧૮૦૦ નોટો મળી આવેલ જે કુલ રૂ.૧૮,૦૦,૦૦૦/- મળી આવેલ તેમજ ૧૦૦૦/- ના દરની છુટી ૫૯ નોટો મળી કુલ રૂ.૫૯૦૦૦/- જે ૧૦૦૦/- ના દરની કુલ નોટો ૧૮૫૯ જેની કુલ કિ. રૂ.૧૮,૫૯,૦૦૦/- આમ ૫૦૦ તથા ૧૦૦૦ ના દરની કુલ નોટો મળી ૮૧૨૭ કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- ના મુદામાલ સાથે પકડાઇ જતાં તેઓના વિરૂધ્ધમાં ચાંગોદર પો.સ્ટે. જાણવા જોગ રજી. કરાવવામાં આવેલ છે. અને આ પ્રતિબંધીત નોટો ક્યાંથી લાવેલ છે અને કોને

આપવાની હતી તે બાબતે આગળની વધુ તપાસ એસ.ઓ.જી. શાખા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

| | |
|---|---|
| આરોપી :- (૧) શાંતીભાઇ ભાનુભાઇ ચુડાસમા રહે. ૧૧૦, ધર્મભુમી સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા અમદાવાદ તથા (૨) હબીબભાઇ અબ્રાહિમભાઇ સમા રહે. ૩, રાહિલપાર્ક કેનાલ પહેલા ફતેહવાડી અમદાવાદ મુળ રહે. શાહપુર તા.વિરમગામ જી.અમદાવાદ વાળા | **મળી આવેલ જુની કરન્સી**<br>૫૦૦ તથા ૧૦૦૦ ના દરની કુલ નોટો મળી ૮૧૨૭ કુલ રૂ.૪૯,૯૩,૦૦૦/- |

*આમ અમદાવાદ જીલ્લા એસ.ઓ.જી.ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ ગ્રામ્ય,અમદાવાદ*